રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક)
એકાઉન્ટ-રેસિડેન્ટ વ્યક્તિમાટે સુવિધા
એ.પી. (ડી.આઇ.આર. સિરિઝ) પરિપત્ર નં. 53 (નવેમ્બર 23, 2002)

**રિઝર્વ બેંક ઓફ ઇંડિયા**
**એક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ, કેન્દ્રીય ઓફિસ**
**મુંબઇ 400 001**

એ.પી. (ડી.આઇ.આર. સિરિઝ) પરિપત્ર નં. 53 (નવેમ્બર 23, 2002)

પ્રતિ,
**વિદેશી મૂડીમાં તમામ અધિકૃત ડિલરો.**

મેડમ/સાહેબ,

**રેસિડન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક) એકાઉન્ટ**
**રહેવાસી માટે વ્યક્તિમાટે સુવિધા**

1 નવેમ્બર, 2002 ના પરિપત્ર ક્રમાંક 37ના એ.પી.( ડી.આઇ.આર. સિરીઝ) તરફ તમામ અધિકૃત ડિલરોનું ધ્યાન ખેંચવામાં આવે છે. જે સરકારના જાહેર નામાના પેન્ડીંગ પ્રકાશન વિશે છે જે મુજબ તેઓ રેસિડન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક) એકાઉન્ટ ખોલવા માટે તેમને મળેલી અરજીઓ તેમની ભલામણ સાથે રિઝર્વ બેંકની રિઝનલ ઓફિસને મોકલવાની છે.

2. રિઝર્વ બેંકે 1 નવેમ્બર, 2002 (નકલ બિડેલ છે) ના જોહેરનામા ક્રમાંક ફેમા 74/2002- આરબી થી તેના 3 મે, 2003 ના જાહેરનામા ક્રમાંક ફેમા 10/2000- આરબી માં સુધારા કર્યા છે. જે મુજબ ભારતમાં રહેલી વ્યક્તિ ભારતમાં અધિકૃત ડિલર પાસે ફોરેન કરન્સી એકાઉન્ટ ખોલાવી, જાળવી અને સંચાલન કરી શકશે જે રેસિડન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક) એકાઉન્ટ તરીકે ઓળખાશે અને તેમાં ચલણીનોટો, બેંક નોટ અને ટ્રાવેલર્સ ચેકસના સ્વરૂપમાં મેળવેલી મુડી રાખી શકાશે.

3. તે મુજબ ઉપર જણાવેલ પરિપત્ર ક્રમાંક 37ના એ.પી. (ડી.આઇ.આર.સીરીઝ) અને જાહેરનામાની શરતો અને નિયમો મુજબ ભારતના રહેવાસી વ્યક્તિમાટે અધિકૃત ડિલરે આવુ એકાઉન્ટ ખોલાવવાનું, જાળવવાનુ અને તેનું સંચાલન કરવાનું રહેશે.

4. 3 મે, 2000ના જાહેર નામા ક્રમાંક ફેમા 10/2000- આરબી માં આવશ્યક સુધારાઓ કરવામાં આવે છે જે 1 નવેમ્બર, 2000 ના જાહેરનામાં ક્રમાંક ફેમા 74/2002/ મુજબ રહેશે.

5. અધિકૃત ડિલરો આ પરિપત્રની વિગતો તેમની હેઠળ આવતી એજન્સીઓ ધ્યાન પર લાવી શકે છે.

6. આ પરિપત્રમાં સમાયેલી સુચનાઓ ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ 1999 (1999 ના 42) ના એકસન 10 (4) અને એકસન 11 (1) હેઠળ અપાઇ છે.

આપનો વિશ્વાસુ
ગ્રેસ કોસી
ચીફ જનરલ મેનેજર

**રીઝર્વબેંક ઓફ ઇડિયા**
**(એક્સચેંજ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ)**
**સેન્ટરલ ઓફિસ,**
**મુંબઇ,**

જાહેરનામુ ક્રમાંક ફેમા 74/2002-આર બી

તારીખ 1 નવેમ્બર, 2002

ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ (ભારતમાં રહેતી વ્યક્તિ દ્વારા વિદેશી મૂડીના એકાઉન્ટ) (સુધારણા) નિયમન, 2002

ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ, 1990 (1999ના 42) ના સેકટરના 9 ના કલોઝ (બી) અને સેકસન 47ના સબ સેકસન (2) ના કલોઝ (ઇ) અને 3, મે, 2000ના જાહેરનામા ક્રમાંક ફેમા 10 / 2000 આરબી ના આંશિક સુધારણા હેઠળ અપાયેલી સત્તા હેઠળ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ (ભારતની રહેવાસી વ્યક્તિ દ્વારા ફોરેન કરન્સી એકાઉન્ટ) નિયમન, 2000માં નીચે ના ફેરફાર કર્યા છે. જે મુજબ

**1. ટુંકુ નામ અને શરૂઆત**
(અ) શા. નિયમોનું ફોરેન એક્સેંજ મેનેજમેન્ટ (ભારતની રહેવાસી વ્યક્તિ દ્વારા ફોરેન કરન્સી એકાઉન્ટ) (પાંચમો સુધારો) નિયમોનો 2002 તરીકે ઓળખાશે.
(બ) સત્તાવાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયા બાદ તે અમલમાં આવશે.

**2. નિયમોના સુધારા**
ફોરેન એક્સેંજ મેનેજમેન્ટ (ભારતની રહેવાસી વ્યક્તિ દ્વારા ફોરેન કરન્સી એકાઉન્ટ) (પાંચમો સુધારો) નિયમોનો 2002 નિયમન 5 બાદ નીચેના નિયમનો ઉમેરવામાં આવશે જેમ કે
જેમ કે 5 એ રેસીડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક) એકાઉન્ટ ખોલવા, જાળવવા અને સંચાલન કરવા

(1) ભારતની રહેવાસી વ્યક્તિ ભારતમાં અધિકૃત ડિલર પાસે ફોરેન કરન્સી એકાઉન્ટ ખોલાવી, જાળવી અને ચંચાલન કરી શકશે જે રેસીડેન ફોરેન કરન્સી, (ડોમેસ્ટીક એકાઉન્ટ) તરીકે ઓળખાશે અને તેમાં ચલણી નોટો, બેંક નોટ્સ અને ટ્રાવેલસ ચેક ભરી શકશે.
(અ) ભારતની બહાર કોઇપણ જગ્યાની મુલાકાત લેતી વખતે કોઇપણ બિઝનેશ અથવા ભારતમાં કરેલા કામ માટે ન હોય તેવી સર્વિસ માટે ચુકવણી અથવા

(બ) ભારતની રહેવાસી ન હોય તેવી વ્યક્તિ દ્વારા ભારતની મુલાકાત દરમ્યાન માનદ રીતે અથવા ભેટ સ્વરૂપે અથવા સર્વિસ માટે કે કાયદેસરની જવાબદારીઓ હેઠળના સેટલમેન્ટથી અથવા

(ક) ભારત બહાર કોઇપણ સ્થળની મુલાકાત વખતે માનદરીતે અથવા ગીફ્ટથી અથવા

(ડ) વિદેશ પ્રવાસ વખતે અધિકૃત વ્યક્તિ પાસેથી તેના દ્વારા મોકલવામાં આવેલી વિદેશી મૂડીનું પ્રતિનિધીત્વ કરતી હોય.

(2) એકાઉન્ટમાં ડેરિવર ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ (કરન્ટ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન) રૂલ્સ, 2000ની જોગવાઇઓ હેઠળ કરન્ટ એકાઉન્ટના લેવડદેવડમાં અને ફોરેન એકસચેંજ મેનેજમેન્ટ (પરમિસિબલ કેપીટલ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન) નિયમનો 2000 હેઠળ કેપીટલ એકાઉન્ટ ટ્રાન્ઝેકશનની અપાયેલી મંજૂરી હેઠળ હોવો જોઇએ.
(3) આ એકાઉન્ટ કરન્ટ એકાઉન્ટના સ્વરૂપમાં હોવુ જોઇએ જેની પર કોઇ વ્યાજ નહિ મળે.

(4) આ એકાઉન્ટમાં બેલેન્સ પર કોઇ ટોચ મર્યાદા નહિ હોય

સહી

કે. જે. ઉદેશી
એક્ઝયુકયટીવ ડિરેકટર